ગામ નાનું નથી અને મોટું પણ નથી. વરસોથી આવું જ છે. ચતુર્દિશામાં ખાસ ફેરફાર થયા નથી. પૂર્વ બાજુ શિવાલય છે. બહુ જૂનું. ખંડેર થઈ ગયું છે. અરધું શિખર પડી ગયું છે. વૃદ્ધ પૂજારી સવાર-સાંજ ધૂપ-દીપ-આરતી કરી જાય પછી એ બાજુ લોકોની ખાસ અવરજવર રહેતી નથી. ઉત્તર બાજુ ખેતરો છે. મોટા ભાગનાં સૂકાં. હવે બહુ ઓછા લોકો ખેતી કરે છે. પશ્ચિમમાં સ્મશાન છે. એની આજુબાજુ દૂર સુધી ઘણા પાળિયા છે. કોઈ સતીમાની દેરી પણ છે. આખા વિસ્તારમાં આકડા, બાવળિયા, થોર આડેધડ વધતા જાય છે. દિવસે પણ જનાવરનો ભય રહે છે. સાપ, નોળિયા, સસલાં, ઉંદરો એક ઝાડીમાંથી નીકળી બીજી ઝાડીમાં ભરાઈ જાય છે. દક્ષિણ બાજુ નદી છે. અગાઉ એનો પટ વિશાળ હતો. બારે માસ પાણી રહેતું. થોડે દૂર નદી પર ઊંચો ડૅમ બન્યો પછી વહેણ સાવ પાતળું થઈ ગયું છે. ચોમાસામાં વરસાદ પડે ત્યારે થોડા દિવસ નદી ભરેલી રહે, પછી ખાલી થઈ જાય. ઉનાળામાં ખાબોચિયા જેટલું જ પાણી રહે છે. નદીના સૂકા પટની ધૂળનું આવરણ આખા ગામ પર છવાયેલું રહે છે.

રાતે ગામ વધારે સંકોચાઈ જાય છે. નિર્જન શેરીઓમાં કૂતરાં ભસ્યા કરે, જાણે ગામમાં ભૂતકાળનો સન્નાટો ફરી વળ્યો હોય.

મોટા ભાગના લોકો વરસોથી ધંધા-રોજગાર માટે દૂરનાં શહેરોમાં કે વિદેશ ચાલ્યા ગયા છે. એમનાં ઘર બંધ રહે છે. બે-ત્રણ વરસે કોઈ આવે ત્યારે ઘર ઊઘડે. સામાજિક કે ધાર્મિક પ્રસંગે થોડા પરિવાર સાથે આવે ત્યારે વસતી લાગે. એ લોકો શિવાલય અથવા દેરાસરમાં પૂજા ભણાવે. પાછા જાય પછી ગામમાં સૂનકાર છવાઈ જાય. ફરી ક્યારેક કોઈ ઘર ઊઘડે ત્યારે સળવળાટ થાય.

ગામમાં વૃદ્ધોની સંખ્યા વધારે છે. બહાર જઈ ન શકેલા પુરુષો આજુબાજુનાં ગામ અને શહેરમાં નોકરી કરે છે. કેટલાકે સાંકડી બજારમાં નાની દુકાનો કરી છે. એમાંથી ખપ પૂરતું કરિયાણું અને જરૂરી ચીજોવસ્તુઓ મળી રહે. મોટી ખરીદી કરવી હોય તો શહેરમાં જવું પડે. સરકારી દવાખાનું છે. ડૉક્ટર હાજર ન હોય ત્યારે અનુભવી કમ્પાઉન્ડર દવાખાનું ચલાવે. થોડા સમયથી એક મોટા ડૉક્ટરે ખાનગી દવાખાનું શરૂ કર્યું છે. અઠવાડિયામાં બે દિવસ મોટરસાઇકલ પર આવે. એક દુકાનમાં બેસે. સાંજે પાછો ચાલ્યો જાય.

પાદરમાં નાનું બસસ્ટેશન છે. એની બાજુમાં બારમા ધોરણ સુધીની હાઈસ્કૂલ છે. અગાઉ બે ઓરડાની પ્રાથમિક શાળા હતી. પાછળથી બીજાં શહેરોમાં રહેતા ગામવાસીઓએ હાઈસ્કૂલ શરૂ કરી. શેઠિયાઓએ મોટું ભંડોળ એકઠું કરી નવું મકાન બનાવ્યું. શરૂઆતથી જ સારા શિક્ષકો મળ્યા. ભણવાની સગવડો વધતી ગઈ. આજુબાજુનાં ગામોમાંથી ઘણાં છોકરા-

છોકરી અહીં ભણવા આવે છે. છોકરીઓને રહેવા માટે દસ રૂમની હૉસ્ટેલ પણ છે.

બહુ જૂની ધર્મશાળા છે. રાજાશાહીના વખતમાં આ ગામ ખેતપેદાશના વેચાણનું મોટું મથક હતું. ગામેગામથી ખેડૂતો માલ વેચવા આવતા. ખેડૂતો, વેપારીઓ, દલાલો આ ધર્મશાળામાં રહેતા. આઝાદી પછી ખેતપેદાશની બજાર ભરાવી બંધ થઈ. હવે ધર્મશાળા ખાલી રહે છે. ફરતારામ જેવા બાવા અને ફકીરો એમાં અડ્ડો જમાવી પડ્યા રહે છે. ધર્મશાળાનું મકાન પડવા જેવું થઈ ગયું છે. શેઠિયા ગામમાં આવે ત્યારે વિચારે કે ધર્મશાળા તોડી ત્યાં મહાનજનવાડી, બગીચો કે ગામ શોભી ઊઠે એવું કશુંક બનાવવું જોઈએ. એનો ઉપયોગ કેટલો અને જગ્યાની વ્યવસ્થા કોણ કરે એવા પ્રશ્નો પણ છે.

નદીના સામા કાંઠે અંદરના ભાગમાં થોડે દૂર એક મહાકાય ઘટાદાર વૃક્ષ ઊભું છે. કેટલું જૂનું છે એનો કોઈને અંદાજ નથી. ઘરડા લોકો કહે છે તેમ એમના દાદા-પરદાદાએ પણ આ વૃક્ષ આવું જ જોયું હતું. મૂળ વૃક્ષ કયું છે એની ખબર પડતી નથી. જુદાં જુદાં સાત-આઠ વૃક્ષોનાં થડ ચોંટીને એક વિશાળ વૃક્ષ બની ગયું છે. એની જાડી, ખરબચડી, ગાંઠાવાળી, લાંબી ડાળીઓ એકમેકમાં ગૂંચવાતી ચારે બાજુ અને ઉપર-નીચે વધતી જ જાય છે. વૃક્ષસમૂહની વિશાળ ઘટા અલગ બ્રહ્માંડ હોય એવો આભાસ ઊભો કરે છે. ઘટામાંથી ચળાઈને આવતું અજવાળું વૃક્ષ નીચે વિવિધ ભાતોની માયાજાળ રચે છે, જાણે અનેક ચિત્રવિચિત્ર પડછાયા સંતાકૂકડી રમતા હોય. અવાસ્તવિક વાતાવરણનો ભાસ થાય છે, હવામાં ફરફરતાં પાંદડાંના મર્મરધ્વનિમાંથી આદિકાળથી આજ સુધીનાં ગીતો સંભળાતાં હોય એવો ભ્રમ થાય છે. સમયના આરંભ જેટલાં જૂનાં મૂળિયાં પાતાળ સુધી ઊંડાં ઊતરી ગયાં છે. આ મહાકાય વૃક્ષમાં પ્રકૃતિની સર્જન અને વિનાશની લીલાનું સાયુજ્ય રચાયું છે. એની હવામાં કથાઓ છે, ગીતો છે, હર્ષ છે, ઉન્માદ છે, કલ્પાંતો છે, આશા છે અને નિરાશા પણ છે.

એક દંતકથા પ્રમાણે ઘણાં વરસો પહેલાં આ પ્રદેશના કોઈ રાજાએ આ વૃક્ષોનું ઝુંડ કપાવી ત્યાં ભવ્ય મહેલનું નિર્માણ કરવાનું વિચાર્યું. કઠિયારા મોકલ્યા. કુહાડીનો પહેલો ઘા પડ્યો તે સાથે જ કોરા આકાશમાં અચાનક વાદળાં ઘેરાઈ આવ્યાં.

દિવસો સુધી મુશળધાર વરસાદ વરસતો રહ્યો, નદીમાં ભયાનક પૂર આવ્યું. ગામ તણાઈ જવાનો ભય ઊભો થયો.

રાજાએ રાજપુરોહિતને સંકટનું નિવારણ કરવા આદેશ આપ્યો. રાજપુરોહિત વિદ્વાન અને પ્રકૃતિપ્રેમી હતો. એણે વૃક્ષનો અભ્યાસ કર્યો. રાજાને કહ્યું કે આ સામાન્ય વૃક્ષ નથી, અનેક સ્મૃતિઓનું સંગમસ્થાન છે. એનો નાશ કરવાથી રાજ્ય પર ભયાનક આપત્તિ આવશે. રાજાએ કઠિયારાઓને પાછા બોલાવી લીધા. તે ઘડીએ જ વરસાદ અટકી ગયો. નદીનું પૂર ઓસરી ગયું.

ત્યાર પછી લોકોએ મહાકાય વૃક્ષની હાજરી સ્વીકારી લીધી છે, પરંતુ એની નજીક જવાની હિંમત કરતા નથી. હવે તો ભૂલી પણ ગયા છે કે આવું કોઈ વૃક્ષ છે.